
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, બે મહિના લોકડાઉનમાં એકી - બેકી કરીને જ પસાર કર્યા હતા... વળી પાછા બજારમાં પણ એકી - બેકી જ કરવાનું...??

## જિલ્લામાં ૪૪૦ બોરી ચણાની ટેકાના ભાવે ખરીદાઈ

ગાંધીનગર જિલ્લામાં ચણાના પાકની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. આજે ૨૧ જેટલા ખેડૂતોએ ૪૪૦ બોરી ચણાનું વેચાણ ટેકાના ભાવે કર્યુ હતુ. જિલ્લામાં ચણાનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે ૨૫૧ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જોર હરાજીમાં ચણાનો ભાવ ૭૫૦ થી ૮૦૦ જેટલો છે જ્યારે સરકાર દ્વારા રૂ. ૯૭૫ના ભાવે આ પાકની ખરીદી થઈ રહી છે.

રાજ્ય સરકારે ગુજકોમાસોલને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે. ગુજકોમાસોલે આ માટે દહેગામ તા.કો.ઓ. પ્રો. સો.લિ.ને જિલ્લાની એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે.

# સોશિયલ મીડિયામાં 'એક અડાલજ આવું પણ.....' ટાઈટલ નીચેનો મેસેજ કોરોના વાયરસથી બચવાની લોકોને જાગૃત્તિ આપી રહ્યું છે

ગાંધીનગર

સમગ્ર ગુજરાત સહિત વિશ્વમાં અડાલજ ગામ તેની ઐતિહાસિક વાવના કારણે સુપ્રખ્યાત છે. આ અડાલજ ગામનું નામ આજે કોરોના વાયરસના હાહાકાર વચ્ચે પણ એક જાગૃતિ ફેલાવી રહ્યું છે. ચાર અક્ષરના ગામના નામને સુવ્યસ્થિત રીતે કોરોનાના સંક્રમણ અટકાવવા માટે એક – એક શબ્દ પકડી વાક્ય બનાવવામાં આવ્યું છે. જે સોશિયલ મીડિયામાં ચાલી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામનું નામ પડે એટલે સૌ કોઈ તેની વાવને યાદ કરે છે. જે તે સમયે આ વાવ વટેમાર્ગુઓને તરસ છીપાવવાનું ઉમદા કાર્ય કરતી હતી. તે પછી આ સાતમાળની અડાલજની વાવ સમગ્ર ગાંધીનગર જિલ્લાનું ઐતિહાસિક ઘરેણું બની ગયું છે. કોરોના વાયરસમાં પણ અડાલજ ગામનું નામ કોરોના સંક્રમણ અટકાવવા માટેનો સંદેશ આપતો હોય તેવું લાગી રહ્યું છે. આજે ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામના એક – એક શબ્દ થી કોરોના સંક્રમણ અટકાવવા માટેની જાગૃતિ આપતું અનોખું સુત્ર બનાવી સોશિયલ મીડિયા પર ચાલી રહ્યું હતું.

આ સોશિયલ મીડિયાના મેસેજમાં એક અડાલજ આવું પણ... ? તેવા હેડીંગ નીચે અડાલજ એટલે અ : અડતા નહી કોઈને ને રેજો બધા ઘરમાં, ડા : ડરતા નહી કોરોનાથી જતો રહેશે એતો દૂર, લ : લગાવજો હાથે સેનિટાઈઝર ને બાંધજો મોઢે માસ્ક, જ : જતાં નહી કામ વગર ઘરની બહાર ને આમ જ જીતી જશે કોરોનાથી મારું અડાલજ આવું , તેવા હેઠળ કોરોના અંગેની જાગૃતિ આપવાનો ઉમદા અભિગમ સોશિયલ મીડિયામાં દિવસ દરમ્યાન ચાલી રહ્યો હતો.




# ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા અને તેમની ટીમ દ્વારા સે. ૨૪ના ૪૦૦થી વધુ શ્રમિક પરિવારોને મસાલા ખિચડીની સેવા પુરી પાડી હતી. આ ઉપરાંત વોર્ડ-૧ માં પ્રવિણભાઈ પટેલ, લાલભાઈ, પ્રજ્ઞેશ જાની, તરંગ પટેલ, પ્રકાશ પટેલ, અર્જુનભાઈ, અનિલભાઈ, પંકિલભાઈને સાથે રાખી કીટનું પણ વિતરણ કર્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયત લખેલુ ફ્લેક્ષ બેનર ગેઈટ પર છેલ્લા ૧૫ દિવસથી લબડી પડ્યુ છે પણ રિપેરીંગ કરાતુ નથી કે નવુ લગાવાતુ નથી.
- ગાંધીનગર મનપા દ્વારા ઉભા કરાયેલ કંટ્રોલ રૂમમાં ૪૦૬૧ લોકોએ ફોન કરી હેલ્પલાઈનમાં વિવિધ રજુઆતો કરી છે.
- ગાંધીનગર મહાનગરાલિકા દ્વારા અત્યાર સુધીમાં ૪૬૦૦ કિલોથી વધુ બાયોમેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્ય છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં આજે સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિએ જરૂરિયાતમંદોને યુથ કોંગ્રેસ અને કોંગ્રેસ પક્ષ દ્વારા કીટ તેમજ વિવિધ સહાય પુરી પાડવામાં આવી હતી.

# ગંભીર રીતે ઘાયલ ગલૂડિયાંને ઘરે લાવી પરિવારે સાર-સંભાળ લઈ સાજું કર્યુ

**લોકડાઉનના પહેલા દિવસે પાછળના બંને પગે લકવાની અસર સાથે ઈજાગ્રસ્ત ગલૂડિયાંને ઘરે રાખી સારવાર કરાવી : સોસાયટીમાં પાલતુ પ્રાણી રાખવાનો પ્રતિબંધ છતાં પરિવારે ઘરમાં રાખી લીધેલી માવજતથી ગલૂડિયું ચાલતું થયું**

ગાંધીનગર, તા. ૨૧

જ્યારથી કોરોના કટોકટીનો ભારતમાં પ્રારંભ થયો છે ત્યારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નાગરિકોને પોતાના ઘરમાં વડીલો તથા બાળકોની ખાસ સંભાળ રાખવાની સલાહ આપી રહ્યાં છે. જો કે તેમનો આ અનુરોધ વડીલો-બાળકોને કોરોનાના ચેપથી દૂર રાખી શકાય તે માટેનો છે પરંતુ ગાંધીનગરમાં એક એવુ પણ પરિવાર છે જે લોકડાઉનના પ્રથમ દિવસથી એક ઘાયલ ગલૂડીયાને ઘરમાં લાવીને તેની સંભાળ રાખી રહ્યું છે અને તેમની સારસંભાળ તથા માવજતને કારણે જે ગલૂડિયું તેના પાછળના બંને પગેથી ચાલી પણ ના શકે તેટલુ ઘાયલ હતુ તે હવે ચાલવા લાગ્યું છે. હવે જ્યારે લોકડાઉન હળવું થઈ રહ્યું છે ત્યારે આ પરિવારના સભ્યોને આ ગલૂડીયાને સાચવવાની ચિંતા સતાવી રહી છે કેમ કે એક તો તેમની સોસાયટીમાં પાલતુ પ્રાણીઓ પર પ્રતિબંધ છે અને બીજું હવે ઘરના સભ્યોના નોકરી તથા અભ્યાસ શરૂ થઈ જતા તેને સંભાળવા ઘરમાં કોઈની સતત હાજરી નહી રહી શકે.



સરગાસણ ચાર રસ્તા પાસેની સંગાથ ટેરેસીલ સોસાયટીમાં રહેતા સ્મિતાકુમારીના પુત્ર નિખિલકુમાર જેઓ સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત જીએમઈઆરએસ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી રહ્યાં છે તેમને લોકડાઉનના પ્રથમ દિવસે જ કોલેજ કેમ્પસમાંથી આ ગલૂડિયું અત્યાંત ઘાયલ અવસ્થામાં મળી આવ્યું હતું. જેને તેઓ જીવદયા લાગણીવશ ઘરે લઈને આવ્યા હતા. આ માદા ગલૂડીયાને પ્રાણીઓના તબીબને દેખાડતા તેને કોઈ અન્ય પ્રાણીઓના હૂમલાને કારણે ગંભીર ઈજાઓ થઈ હોવાનું નિદાન કર્યુ હતુ અને યોગ્ય સારવાર સાથે જે તેના પાછળના બંને પગે લકવા જેવી અસર છે તેને પણ દૂર કરી શકાશે તેવુ નિદાન કર્યુ હતુ. પોતાની સોસાયટીમાં પાલતુ પ્રાણીઓ રાખવા પર પ્રતિબંધ હોવા છતાં આ પરિવારે આ ગલૂડિયાની સાર-સંભાળ કરવાનો નિશ્ચય કર્યો હતો અને તેને સારવાર સાથે સ્વચ્છ રાખવા શેમ્પુ-પાવડર સહિતની સેવા પુરી પાડવા માંડી હતી. આ પછી તેને પ્રાણીઓના તબીબની સલાહ મુજબ ફિઝિયોથેરેપી ટ્રીટમેન્ટ પણ આપવાનું શરૂ કરી દીધુ હતુ. જેથી ધીમે ધીમે આ ગલૂડિયાના બંને પગ કામ કરતાં શરૂ થઈ ગયા હતા અને આજે તે બંને પગે થોડુ થોડુ ચાલતુ પણ થઈ ગયું છે.

હવે લોકડાઉન હળવુ થતાં આ પરિવારના સભ્યોની નોકરી તેમજ બાળકોની કોલેજ વગેરે પણ શરૂ થવાની તૈયારીમાં છે ત્યોર આ ગલૂડિયાનું શું કરવું તે ચિંતા પરિવારને સતાવી રહી છે. આ માટે એકવાર તેઓ અમદાવાદ જીવદયા સંસ્થામાં પણ જઈને આવ્યા પરંતુ ત્યાં પહેલેથી મોજુદ અન્ય મોટા કૂતરાં આ ગલૂડિયા માટે જોખમરૂપ બની શકે છે તે જાણી આ ગલૂડિયાને ત્યાં છોડવાનો તેમનો જીવ ના ચાલ્યો અને તેને ફરી ઘરે પાછું લાવ્યા છે પરંતુ કોઈ ડોગ લવર કે પ્રાણી પ્રેમી જે તેની સંભાળ રાખી શકે તેમ હોય તો તેને તેઓ સોંપવા તૈયાર છે.

## ચિલોડામાં જરૂરિયાતમંદ પરિવારોને કરિયાણાની કીટ તથા ભોજન સેવાની સરવાણી

ચિલોડાના સેવાભાવી નાગરિકોના હૈયે સેવા એ જ પરમો ધર્મના સુત્રને સાર્થક કરવા વસંતી દે ઉર્ફે ચકુમાસી દ્વારા સતત અવિરત ૪૫ દિવસથી વધુ દિવસો સુધી બે ટંક ભોજન ઘરે ઘરે પહોંચાડી એક હજાર પરિવારોને ભૂખ્યા જનોની જઠરાગ્નિ ઠારવાનું કાર્ય કર્યુ હતુ. ત્યારબાદ બીજા સેવાકર્મી ચિલોડા ગામના વતની અને અમદાવાદ સ્થિત એવા જાણીતા વકીલની નામના ધરાવતા સામાજિક અગ્રણી કાન્તીભાઈ એચ. પટેલ જેઓ અનેક સામાજિક શૈક્ષણિક સંસ્થાઓમાં વિશેષ યોગદાન આપી રહેલા એવા કર્મયોગી ગામના જરૂરિયાતમંદ પરિવારોને આવા સંકટ સમયે મદદરૂપ થવાનો પ્રયાસ હાથ ધરતાં ગામના સ્થિત વકીલ અને ભાજપના યુવા નેતા ધર્મપ્રેમી વિષ્ણુભાઈ પટેલની રાહબરી હેઠળ બંનેના સહયોગથી ૨૦૦ કરિયાણાની કીટનું વિતરણ કર્યુ હતુ. સેવાયજ્ઞમાં છેલ્લા ૧૫ દિવસથી સાંજનું ગરમાગરમ ભોજનની વ્યવસ્થા પુરી પાડવામાં આવી રહી છે. કાર્યમાં સ્વયંસેવક રમેશભાઈ કે. પટેલ પરિવાર સ્વયંસેવક તરીકે સુંદર કામગીરી બજાવી રહ્યા છે. વિષ્ણુભાઈ પટેલ દ્વારા ચોખાની કીટ, શાકભાજીની કીટ પહોંચાડી ગરીબોના બેલી બની ઉમદાકાર્યમાં સહયોગી બનતા ગામના નાગરિકો સેવાને બિરદાવી હતી.

# કલોલના નગરજનોને આજથી રોગપ્રતિકારક શકિતવર્ધક ઉકાળાનું વિતરણ કરાશે

**કલોલ નગરપાલિકાના વોર્ડ નંબર - ૧ થી ૬માં સવારના અને વોર્ડ - ૭ થી ૧૧માં સાંજના ઉકાળાનું વિતરણ કરાશે**

ગાંધીનગર

કલોલ નગરપાલિકા, રોટરી કલબ, કલોલ તથા નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કલોલ નગરપાલિકાના તમામ વોર્ડના નાગરિકો માટે રોગ પ્રતિકારક શક્તિ વર્ધક ઉકાળાનું વિતરણ કરાશે. આ ઉકાળાનું વિતરણ તા. ૨૨મી થી તા. ૨૬ મી મે, ૨૦૨૦ દરમ્યાન નિયમિત રીતે કરવામાં આવશે.

કલોલ નગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસના કેસો મળ્યા છે. કોરોના સામે કલોલ શહેરના નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે ઉકાળા વિતરણનું આયોજન તા. ૨૨મી મે, ૨૦૨૦ થી સતત પાંચ દિવસ સુધી કરવામાં આવશે. આ ઉકાળા વિતરણ કલોલના તમામ ૧ થી ૧૧ વોર્ડમાં કરવામાં આવશે. વોર્ડ નંબર – ૧ થી ૬ માં ઉકાળાનું વિતરણ સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. તેમજ વોર્ડ નંબર – ૭ થી ૧૧ માં ઉકાળાનું વિતરણ સાંજના ૫.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે.

તમામ વોર્ડમાં આવતી સોસાયટીના ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રીઓ પોતાના સ્ટીલના પાત્રમાં (વાસણો) સોસાયટીની જરૂરિયાત મુજબ ઉકાળો રોટરી કલબ, કલોલ, કોલેજ રોડ ખાતેથી લઈ જવાનો રહેશે. તેવું નિયામકશ્રી, આયુષની કચેરીના ડાં. ભાવનાબેન પટેલે જણાવ્યું છે.

**ઘરમાં રહો... સુરક્ષિત રહો..**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## જાહેર સૂચના

### "આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના"

ગુજરાત સરકારની આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ જે લોન આપવાની છે તે રાજ્યની સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓએ પોતાના સ્વભંડોળમાંથી આપવાની છે. રાજ્ય સરકારની આ યોજના પ્રમાણે સહકારી બેંકો/ક્રેડિટ સોસાયટીઓ જેમને લોન આપે તેમને વાર્ષિક ૬% વ્યાજ સહાય રાજ્ય સરકાર આપશે.

સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓ આ યોજના હેઠળ જેમને ધિરાણ કરે તે ધિરાણ મેળવનાર વ્યક્તિઓ નિયમિત રીતે સમય-મર્યાદામાં લોનની રકમ પરત કરશે તે ચકાસવાની કામગીરી બેંકો/ક્રેડિટ સોસાયટી કરશે અને તેમની લોન પરત કરવાની ક્ષમતા ચકાસીને બેંકો/ક્રેડિટ સોસાયટીને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓને જ બેંકો/ક્રેડિટ સોસાયટી લોન આપશે. આ બાબતની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કૃષિ, ખેડૂતકલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## કોરોના સામે સામુહિક યુદ્ધ માટે

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીનું
હું પણ કોરોના વોરીયર અભિયાન

આ અભિયાન અંતર્ગત પ્રત્યેક ગુજરાતી બનશે
કોરોના વોરિયર અને લેશે આ ૩ સંકલ્પ

હું હંમેશા માસ્ક પહેરીનેજ ઘરની બહાર નીકળીશ

હું મારા પરિવારના વડીલો અને બાળકો ઘરમાં જ રહે તે સુનિશ્ચિત કરીશ

હું "દો ગજકી દૂરી" સોશીયલ ડિસ્ટન્સીગનું હંમેશા પાલન કરીશ

સોશીયલ મીડિયા માટે કેમ્પેઈનના ૩ રસપ્રદ ટાસ્કમાં ભાગ લઈ શકાશે
#HuPanCoronaWarrior

દાદા–દાદી સાથે સેલ્ફી લઈ હેશટેગ સાથે પોતાના સોશીયલ મીડિયા પર અપલોડ કરશો તારીખ ૨૨ મે.

માસ્ક સાથે સેલ્ફી લઈ હેશટેગ સાથે પોતાના સોશીયલ મીડિયા પર અપલોડ કરશો તારીખ ૨૪ મે.

આરોગ્ય સેતુ એપનો સ્ક્રિનશોટ લઈ હેશટેગ સાથે પોતાના સોશીયલ મીડિયા પર અપલોડ કરશો તારીખ ૨૬ મે.

ગુજરાતના પ્રતિષ્ઠિત નાગરિકો જેમકે પૂજ્ય મોરારી બાપુ, શ્રી ગુણવંતભાઈ શાહ, મ્યુઝિક કંપોઝર સચિન–જીગર, આરતીબેન અને આરોહી પટેલ, લેખક જય વસાવડા અને પૂજ્ય રમેશભાઈ ઓઝા પણ આ જન અભિયાનમાં પોતાનો સહકાર આપશે.

હું પણ કોરોના વોરીયર



હું પણ કોરોના વોરિયર અભિયાનમાં જોડાઈને તેને એક મોટું સામાજિક અભિયાન બનાવીએ
–નાયબ મુખ્યમંત્રી, શ્રી નીતિનભાઈ પટેલ.